GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# રાષ્ટ્ર નિર્માણમાં સાંસ્કૃતિક સૌહાર્દની ભૂમિકા

## The Role of Cultural Harmony in Nation Building

ડૉ. યોગેશકુમાર આર. પરમાર

એસોસિયેટ પ્રોફેસર

શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાળા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ. 388 450.

**સારાંશ (Abstract)**

સાંસ્કૃતિક સૌહાર્દ રાષ્ટ્ર નિર્માણમાં પાયારૂપ ભૂમિકા ભજવે છે. સાંસ્કૃતિક સૌહાર્દનો અર્થ માત્ર સહઅસ્તિત્વ નથી, પરંતુ સામાજિક, ધાર્મિક કે સામુદાયિક પ્રકારની વિવિધ ઓળખ ધરાવતા સમુદાયો વચ્ચે પરસ્પર આદર – સન્માન, સમાન નાગરિક અધિકાર, અને સામાજિક, ધાર્મિક કે સામુદાયિક સંદર્ભે સામૂહિક હિત માટેની સહકારની પ્રથા છે. બહુઆયામી સંસ્કૃતિ ધરાવતા દેશોમાં જો પરસ્પર બંધુત્વ, ન્યાય અને સુસંવાદિતા નબળા પડે તો સ્વાભાવિક રીતે લોકો (રાષ્ટ્ર)માં સામાજિક તણાવ, રાજકીય ધ્રુવીકરણ, અને આર્થિક અવરોધો ઊભા થાય છે. જ્યારે બીજી તરફ, સૌહાર્દ મજબૂત હોય તો કોઈપણ રાષ્ટ્રની રાષ્ટ્રીય એકતા, લોકશાહી સ્થિરતા, વિકાસની ગતિ, અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા વધે છે.

પ્રસ્તુત અભ્યાસ પેપરમાં મુખ્યત્વે સૌહાર્દનું સિદ્ધાંતાત્મક અર્થઘટન, રાષ્ટ્ર નિર્માણ સાથે તેનો સંબંધ, સૌહાર્દ સ્થાપિત કરવામાં પડકાર તથા જોખમો, અને સાથે તેને માટેની રાષ્ટ્રીય નીતિ તથા સામાજિક સ્તરે અમલીકરણના ઉપાયો પર ચર્ચા કરવામાં આવી છે. અંતમાં અભ્યાસક દ્વારા "સૌહાર્દ એ કોઈ વૈકલ્પિક "સામાજિક સૌજન્ય" નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણની મૂળભૂત શરત છે." – એમ નિર્ણયાત્મક દલીલ કરતાં પોતાનો મત પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો (Keywords):** પ્રસ્તુત અભ્યાસ પેપરમાં મુખ્ય (ચાવી)રૂપ શબ્દો સાંસ્કૃતિક સૌહાર્દ, રાષ્ટ્રીય એકતા, વિવિધતા, સમાવેશીતા , સામાજિક વિશ્વાસ, સમાનતા, સમાન સામાજિક ન્યાય,

લોકશાહી સ્થિરતા, ધ્રુવીકરણ, ગેરમાહિતી (ભ્રામક માહિતી), વ્યક્તિ – રાષ્ટ્ર વિકાસ, રાષ્ટ્ર નિર્માણ છે.

❖ **પ્રસ્તાવના :**

રાષ્ટ્રનું ઘડતર કે ઉન્મૂલન એ દેશનો આર્થિક વિકાસ, સંરક્ષણ શક્તિનું સંભવત્તમ સમર્થતા પ્રાપ્ત કરવી કે વૈશ્વિક સ્તરે રાજકીય સ્થિરતા પ્રાપ્ત કરવી; તે નથી. સાચું રાષ્ટ્ર ઘડતર કે રાષ્ટ્રીય ઉન્મૂલન એ વ્યક્તિ – વ્યક્તિ વચ્ચે, સમાજ – સમાજ વચ્ચે કે ધર્મ (સંપ્રદાય) – સંપ્રદાય વચ્ચે; બીજા શબ્દોમાં કહેવું હોય તો સમાજમાં વ્યાપ્ત વિવિધ સમુદાયો વચ્ચે હૂંફાળા માનવ સંબંધોમાં છે. કોઈપણ સમાજ કે રાષ્ટ્ર પરિવેશમાં પ્રસ્થાપિત વિવિધ ભાષા, ધર્મ, જાતિ, પરંપરા અને જીવનશૈલીઓનો પરસ્પર આદર કરીને સાથે મળીને રહેવાની ક્ષમતા એટલે સાંસ્કૃતિક સૌહાર્દ. પ્રસ્તુત અભ્યાસ પેપરમાં અભ્યાસક દ્વારા રાષ્ટ્રીય એકતા, સામાજિક વિશ્વાસ, રાજકીય સ્થિરતા, આર્થિક પ્રગતિ અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાના ઉત્થાનમાં સાંસ્કૃતિક સૌહાર્દની ભૂમિકા સંબંધી વિચાર કરવાની સાથે – સાથે સાંસ્કૃતિક વિઘટનના જોખમો અને સૌહાર્દ વધારવા માટેના વ્યવહારુ ઉપાયો વિચારવામાં આવ્યા છે.

આ અભ્યાસ પેપર "Cultural Harmony as the Foundation of National Destiny"ને એવા વિચાર તરીકે રજૂ કરે છે કે જેમાં રાષ્ટ્રનું ભવિષ્ય એ તેના સાંસ્કૃતિક સંબંધોના સ્વાસ્થ્ય પર આધાર રાખે છે. "National Destiny" અહીં કોઈ રહસ્યવાદી અર્થમાં નહીં, પરંતુ રાષ્ટ્રની દિશા, સ્થિરતા, વિકાસની ક્ષમતા, અને સામૂહિક પ્રગતિના માર્ગ તરીકે વ્યાખ્યાયિત થાય છે. પ્રશ્ન એ નથી કે સમાજમાં વિવિધતા છે કે નહીં, પ્રશ્ન એ છે કે તે વિવિધતા સાથે સમાજ શાંતિથી અને ન્યાય સાથે જીવી શકે છે કે નહીં.

❖ **ચાવીરૂપ શબ્દોની વ્યવહારૂ વ્યાખ્યા :**

અભ્યાસક દ્વારા પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ મુખ્ય (ચાવી)રૂપ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે.

○ **સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ઓળખ (અસ્મિતા) :**

સામાન્ય રીતે સંસ્કૃતિમાં સમાજ કે રાષ્ટ્ર વિષેશમાં પ્રવર્તિત – પ્રસ્થાપિત ભાષા, સાહિત્ય, સંગીત, કલા, ધાર્મિક પ્રથાઓ, લોકરીતિ, નૈતિક મૂલ્યો, અને જીવનશૈલી જેવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

રાષ્ટ્રીય ઓળખ (અસ્મિતા) એ સંદિગ્ધતા પેદા કરે તેવી સંકલ્પના છે. કેટલાક લોકો તેને "એકતા" અને "એકરૂપતા" સાથે સરખાવે છે. એક રીતે જોવા જઈએ તો "એકતા" અને "એકરૂપતા" વચ્ચે પાતળી ભેદરેખા છે: એકતા એટલે વિવિધતા સાથે જોડાણ, જ્યારે એકરૂપતા એટલે ફરજિયાત સમાનતા. પરંતુ હકીકતમાં સ્વસ્થ રાષ્ટ્રીય ઓળખ કે અસ્મિતા એ બહુવિધ ઓળખ (અસ્મિતા)નો સમુચ્ચય છે. બહુધાય, બહુઆયામી ઓળખોને સ્વીકારી રાષ્ટ્રીય ઓળખ કે અસ્મિતા અસ્તિત્વમાં આવે છે.

❖ **સાંસ્કૃતિક સૌહાર્દનો અર્થ અને વ્યાપ (Meaning and Scope) :**

સામાન્ય રીતે સાંસ્કૃતિક સૌહાર્દનો સીધો સાદો અર્થ "સાથે રહેવું" એવો થાય છે. પરંતુ એ સાચો અર્થ નથી. સાંસ્કૃતિક સૌહાર્દ એટલે "સાથે વધવું", "રાષ્ટ્રીય ઉત્થાન" કે "રાષ્ટ્રીય ઉન્મૂલન" છે. જેમાં મુખ્ય ત્રણ તત્ત્વોનો સમાવેશ થાય છે.

○ **સ્વીકાર અને આદર :**

રાષ્ટ્રમાં પ્રસ્થાપિત દરેક સમુદાયના વજૂદ, ભાષા, પહેરવેશ, માન્યતાઓ અને પરંપરાનો સ્વીકાર કરવો અને તેનું સન્માન જાળવવું.

○ **સામાજિક ન્યાય અને સમાનતા :**

કોઈપણ વ્યક્તિને પોતાની જરૂરિયાતો અને એમાં પણ ખાસ કરીને પોતાની પ્રતિષ્ઠા જાળવવાનો અને તેનો વિકાસ સંતોષવાનો અબાધિત અધિકાર છે. આ સંદર્ભે કાયદા, સંસાધનો, શિક્ષણ, રોજગાર અને પ્રતિષ્ઠામાં ભેદભાવ વગર દરેકને સમાન તક મળવી આવશ્યક છે.

○ **સંવાદ અને સહકાર :**

વ્યક્તિ – વ્યક્તિ અથવા સમુદાય વચ્ચે વિવાદ થાય ત્યારે હિંસા નહીં, પરંતુ ચર્ચા અને સમજણથી કોઈનું પણ હિત જોખમાય નહીં તે ઉકેલ લાવવો એ સંવાદ અને સહકાર છે.

આ વ્યાપ માત્ર ધર્મ પૂરતો ન રહેતાં તેમાં ભાષાકીય સૌહાર્દ, જાતિ આધારિત સમાનતા, પ્રાંતિય સમન્વય, આર્થિક – સામાજિક વર્ણ કે વર્ગ વચ્ચે માનવતા, તેમજ લિંગ અને ઓળખ આધારિત માન સન્માનનો પણ સમાવેશ થાય છે. વિષેષમાં સૌહાર્દનો હેતુ મતભેદ દૂર કરવો નથી, પરંતુ મતભેદને શત્રુતા બનતા અટકાવવાનો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

### ❖ સાંસ્કૃતિક સૌહાર્દ અને રાષ્ટ્રીય ભવિષ્ય : સિદ્ધાંતાત્મક સંબંધ

સાંસ્કૃતિક સૌહાર્દ અને રાષ્ટ્રીય ભવિષ્ય એ એકબીજાના ઉભય છે. એ બે માંથી કોઈ એકનો વિચાર કે કલ્પના કરવી અસ્થાને ગણાશે. જ્યારે સાંસ્કૃતિક સૌહાર્દની વાત કરીએ ત્યારે નીચે જેવી બાબતો તેના મૂળ તત્વો બની જાય છે.

○ **સામાજિક વિશ્વાસ અને સામૂહિક કાર્યક્ષમતા :**

વિશ્વાસ એ રાષ્ટ્રની સામાજિક મૂડીનું સૌથી મહત્વનું તત્ત્વ છે. વિવિધ સામાજિક સમુદાયો વચ્ચે જ્યારે એકબીજા પ્રત્યે જ્યારે વિશ્વાસ પાંગરે છે ત્યારે આપોઆપ એકબીજા પ્રત્યે સહકારની ભાવના જાગ્રત બનતી જાય છે. પરિણામે સામાજિક અને રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ પ્રસ્થાપિત નીતિઓનો અમલ સરળ બનવાની સાથે – સાથે સામૂહિક સમસ્યાઓનો ઝડપી ઉકેલ આવે છે. પરંતુ જ્યારે આ વિશ્વાસ તૂટે છે ત્યારે અફવા જોર પાડે છે અને એકબીજા પ્રત્યે શંકા અને ભય વધે છે. જે રાજ્યની નીતિ ક્ષમતાને નબળી પાડે છે.

○ **સ્થિરતા અને સુરક્ષા :**

સામાન્ય રીતે જોવા જઈએ તો હિંસા, ધમકીઓ કે જૂથવાદ જેવી સામાજિક તણાવ ઊભી કરે પ્રવૃત્તિઓ લાંબા ગાળે સમાજ – રાજ્ય કે રાષ્ટ્રની આંતરિક સુરક્ષાને નબળી પાડે છે. રાષ્ટ્રીય વિકાસમાં વિક્ષેપ પેદા કરે છે. પરિણામે રાષ્ટ્ર – સરકાર વિકાસથી ખસી "વ્યવસ્થા વ્યવસ્થાપન"માં જોતરાય છે. આમ, સાંસ્કૃતિક સૌહાર્દ સુરક્ષા અને વિકાસ સાથે સીધો સંબંધ ધરાવે છે.

○ **લોકશાહી અને નાગરિક સમાનતા :**

રાષ્ટ્રમાં વસતા દરેક નાગરિકને વિચાર અને વાણી સ્વાતંત્ર્યનો અબાધિત અધિકાર છે. સાથે – સાથે અલ્પસંખ્યકોના વિશેષ અધિકારો અને ન્યાયસંગત સંસ્થાઓની સ્વાયત્તતા લોકશાહીના મુખ્ય આધારસ્તંભો છે. જો તેમાં જોખમ કે નબળાઈ ઊભી થાય અને ધ્રુવીકરણ વધે તો લોકશાહી નબળી પુરવાર થાય છે. સાંસ્કૃતિક સૌહાર્દ લોકશાહીના 'બંધુત્વ' તત્વને જીવંત રાખવાની સાથે લોકશાહીમાં સુસંવાદિતા અને સામાજિક – સાંસ્કૃતિક ઓળખ આધારિત વિવાદને દૂર કરી લોકશાહીને મજબૂતી પ્રદાન કરે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

❖ **સાંસ્કૃતિક સૌહાર્દ અને આર્થિક વિકાસ :**

કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના આર્થિક વિકાસમાં સાંસ્કૃતિક સૌહાર્દની વિશેષ ભૂમિકા રહી છે. વિકાસના વિવિધ પાસાંને તે સીધી કે આડકતરી રીતે અસર કરે છે. જેમ કે –

○ **રોકાણ અને બજાર સ્થિરતા :**

કોઈપણ રાજ્ય એક રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે સ્થિર સામાજિક વાતાવરણ અતિઆવશ્યક છે. રમખાણો, તોફાનો અથવા સતત સામાજિક તણાવ; ઉત્પાદન, સપ્લાય ચેઈન, પ્રવાસન અને અન્ય સેવાઓ પર નકારાત્મક અસર ઊભી કરે છે, સામાજિક અનિશ્ચિતતા પેદા કરે છે. પરિણામે રોકાણકારો ત્યાં રોકાણ કરતાં ખચકાય છે અને જેને કારણે રોજગારીની નવી તકોનો ઉદભવ અટકે છે અને ઉદ્યોગ વિકાસ રૂંધાય છે – અટકે છે.

○ **માનવમૂડી અને ઉત્પાદનક્ષમતા :**

સૌહાર્દ અને સુરક્ષિતતા એ પરસ્પર અસર કરનારાં પરિબળો છે. સૌહાર્દ હોય ત્યાં લોકો સુરક્ષિતતા અનુભવે છે પરિણામે લોકોમાં ટીમવર્ક મજબૂત બનવાની સાથે તેમની કાર્ક્ષમતામાં વધારો કરે છે. જ્યારે ભેદભાવ વ્યક્તિ – સંસ્થાની ટેલેન્ટને હાંસિયામાં ધકેલે છે. પરિણામે સંસ્થા – રાષ્ટ્રની માનવમૂડી ઘટે છે. માટે ન્યાય અને સમાનતા એ માત્ર નૈતિક મુદ્દો નહીં, વિકાસનો પ્રાયોગિક મુદ્દો પણ છે.

○ **નાવીન્યસભર સર્જનાત્મકતા**

વિવિધ સંસ્કૃતિ સાથેનો સંપર્ક માણસને હમેશાં અવનવા દૃષ્ટિકોણ આપે છે. સમાજમાં જ્યારે એકબીજા માટે ખૂલાપણું અને સ્વીકાર હોય ત્યારે વિચાર વિમર્શ અને નવીનતા વધે છે. બીજા શબ્દોમાં કહીએ તો સાંસ્કૃતિક સૌહાર્દ "Innovation Ecosystem" માટે પણ અનુકૂળ વાતાવરણ બનાવે છે.

❖ **સૌહાર્દ સ્થાપિત કરવામાં પડકાર અને જોખમો :**

રાષ્ટ્રીય નિર્માણ માટે સાંસ્કૃતિક સૌહાર્દ સ્થાપિત કરવામાં સાંસ્કૃતિક રાજકીય અસ્થિરતા, ધ્રુવીકરણ તથા રાષ્ટ્રીય દિશા એ મહત્વનો ભાગ ભજવે છે. જેને આપણે સાંસ્કૃતિક સૌહાર્દ સામેના પડકારો અને જોખમો કહી શકીએ; જેની વિગતે ચર્ચા આ પ્રમાણે છે :

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

○ **ઓળખ આધારિત રાજકારણનું જોખમ :**

જ્યારે રાજકારણ વિકાસ, શિક્ષણ અને આરોગ્ય સંબંધી નૈતિક બાબતોને છોડી 'વ્હાલાં – દવાલાં'ની નીતિ ધારણ કરી વ્યક્તિ–પૂજા કે વ્યક્તિ પ્રશસ્તિમાં અંધ બને ત્યારે સમાજમાં તણાવ વધે છે. એકબીજાને નીચા કે ઉતરતા સાબિત કરી પોતાને મહાન સાબિત કરતું ગંદુ રાજકારણ સમાજનું ધ્રુવીકરણ કરે છે; જે સમાજ અને રાષ્ટ્ર માટે સદૈવ નુકશાનકર્તા છે.

○ **સાંવિધાનિક મૂલ્યો અને રાષ્ટ્ર ધર્મ :**

સમાજ અને રાષ્ટ્રમાં સાંસ્કૃતિક સૌહાર્દ જળવાય તે માટેના કાયદા બનાવી દેવાથી રાજકીય કે શાસકીય પક્ષનો રાષ્ટ્રધર્મ પૂરો થઈ જતો નથી. પરંતુ સાચો રાષ્ટ્રધર્મ સંવિધાનિક મૂલ્યોના પાલનમાં છે. દેશવાસીઓને વિકાસ માટેની સમાન તક અને દરેકને સમાન ન્યાય પ્રાપ્ત થાય તેવી ભેદભાવરહિત મજબૂત સામાજિક અને ન્યાયિક વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી સમાજ અને રાષ્ટ્રની છે. શાશકીય અને રાજકીય પક્ષની આ પ્રમાણેની નિષ્પક્ષતા સમાજમાં વિશ્વાસ વધારશે.

❖ **સાંસ્કૃતિક સૌહાર્દમાં અવરોધક પરિબળો :**

પૂર્વાનુભવ અને પૂર્વે થયેલાં સંશોધનો જોતાં સમાજ – રાષ્ટ્રમાં સાંસ્કૃતિક સૌહાર્દ સ્થાપિત કરવામાં નીચે પ્રમાણેના અવરોધક પરિબળો છે.

○ **પૂર્વગ્રહ અને ગેરસમજ :**

વ્યક્તિ – વ્યક્તિ, સમુદાય – સમુદાય વચ્ચેની સીધી અપારદર્શક ઓળખ વ્યક્તિ અને સમુદાય વચ્ચે અજ્ઞાનતા અને ગેરસમજ પેદા કરે છે. અને એક બીજા પ્રત્યે પૂર્વગ્રહ ઊભા કરે છે; જે અફવાઓ અને ખોટી માહિતીને ભડકાવે છે.

○ **સામાજિક અસમાનતા અને હાંસિયાકરણ :**

શિક્ષણ, રોજગાર કે જાહેર સેવાઓમાં જો કોઈ સમુદાય સતત પાછળ રહે અથવા તેને પાછળ રાખવામાં આવે અર્થાત્ હાંસિયામાં ધકેલી દેવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે તે સમુદાયમાં અસંતોષ જન્મે છે. જો આ અસંતોષને સમયસર ન્યાયસંગત નીતિઓથી ઉકેલ ન મળે તો સામાજિક તણાવ કે વિઘટન પેદા થાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

○ **સોશિયલ મીડીયા અને ખોટી – ભ્રામક માહિતી :**

AI આધારિત આ ડિજિટલ યુગમાં ક્યારેક અર્ધસત્ય, ખોટી કે ભ્રામક માહિતી વૈશ્વિક સ્તરે વાયુવેગે ફેલાતાં વાર લાગતી નથી. સંવેદનશીલ મુદ્દાઓ આધારિત યથાર્થતા ચકાસ્યા વિનાની પાયાવિહોણી આવી માહિતી ક્યારેક – ક્યારેક સામાજિક શાંતિ માટે ખૂબ મોટો ખતરો બનતી હોય છે.

❖ **સાંસ્કૃતિક સૌહાર્દ વધારવા માટેની કેટલીક મહત્વની વ્યૂહરચનાઓ :**

સાંસ્કૃતિક સૌહાર્દ વધારવા અને તેને કાયમી બનાવવા માટે ઉપરોક્ત નિર્દેશિત – ચર્ચિત અવરોધક બાબતો પર અંકુશ મેળવવો જ રહ્યો. આ સિવાય પણ અન્ય કેટલીક વ્યૂહરચનાઓ પણ અમલમાં મૂકવી રહી. જે આ પ્રમાણે છે :

○ **ગુણવત્તાયુક્ત શિક્ષણ અને મૂલ્ય નિર્માણ :**

શિક્ષણ એ માત્ર ધંધો કે રોજગારલક્ષી ન બની રહેતાં ઉન્નત જીવનલક્ષી અને મૂલ્યલક્ષી હોવું જોઈએ. શાળા – મહાશાળાઓમાં સંવિધાનિક મૂલ્યો અને માનવ અધિકારનું શિક્ષણ સાથે વિવિધ પ્રવર્તિત સંસ્કૃતિનો પરિચય આપતી પ્રવૃત્તિઓથી 'સહનશીલતા'નો વિકાસ થાય છે.

○ **સંવાદ આધારિત સામુદાયિક ગોષ્ઠી :**

સ્થાનિક સ્તરે અવારનવાર સામુદાયિક સમુદાય સંવાદ મંચ (ગોષ્ઠી)નું આયોજન થવું જોઈએ. જેમાં યુવાઓ માટેના વિવિધ વિનિમય (એક્સચેન્જ) કાર્યક્રમો થવા જોઈએ. સાથે – સાથે સાંસ્કૃતિક મેળાવડા અને સામુદાયિક સેવા પ્રવૃત્તિ હાથ ધરાવવી જોઈએ. કારણ આવી પ્રવૃતિઓ એકબીજા સાથેના સંબંધ અને સંપર્ક વધારવાની સાથે – સાથે ગેરસમજને ઘટાડે છે.

○ **ન્યાય, સમાનતા અને સમાવેશી નીતિઓ :**

સરકારી નીતિઓમાં પારદર્શકતા લાવી તે લોકો સુધી સમાન ન્યાયિક ધોરણે પહોંચે અને તેનો ભેદભાવરહિત અમલ થાય તેવા પ્રયાસો હાથ ધરવા પડશે. વળી, ન્યાયની પ્રક્રિયા ઝડપી અને વિશ્વસનીય હશે તો અચૂક સમાજમાં રાષ્ટ્ર પ્રત્યે વિશ્વાસ વધશે.

○ **અખબારની જવાબદારી અને તેમાં નૈતિકતા :**

અખબારી સેવા આપતી સંસ્થાઓએ સંવેદનશીલ મુદ્દાઓ પરત્વે સંતુલિત દૃષ્ટિકોણ રાખવાની સાથે – સાથે ભાષાકીય લવચિકતા પણ રાખવી પડશે. એકતરફી, ભડકાઉ અથવા અફવા કે ગેરસમજ ફેલાવે તેવી બાબતોનો પ્રચાર અને પ્રસાર સામાજિક તાણ ઊભી કરે છે. જ્યારે સંતુલિત કવરેજ સૌહાર્દને મજબૂત કરે છે.

○ **નાગરિકની ભૂમિકા :**

સૌહાર્દ એ માટે સરકારની જવાબદારી નથી. નાગરિક એ સમાજ કે રાષ્ટ્રનું મૂળભૂત અને જવાબદાર પરિબળ છે. દરેક નાગરિકે પોતાની કક્ષાએ ભાષા, વર્તન અને રોજિંદા સંબંધોમાં એકબીજા પ્રત્યે આદર – સત્કાર, સહકાર અને સહનશીલતા કેળવવા પડશે. રોજિંદા વ્યવહાર અને વિચારોના આદાન–પ્રદાનમાં નફરત ફેલાવે તેવા વિચારો કે ભાષાનો ઉપયોગ ટાળવો જોઈશે. અને વાદ – વિવાદમાં 'વ્યક્તિ' પર નહીં પરંતુ 'મુદ્દા' પર ચર્ચા કરવી જોઈશે.

❖ **અભ્યાસક આકલન :**

ઘણીવાર સૌહાર્દને માત્ર 'સામાજિક શિષ્ટાચાર' તરીકે જોવામાં – લેખવવામાં આવે છે. હકીકતમાં સાંસ્કૃતિક સૌહાર્દ એ રાષ્ટ્રની વિકાસ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા માટેનું પાયાનું ઘટક છે. વિકાસ માટે સ્થિરતા અને સ્થિરતા માટે વિશ્વાસ હોવાં જરૂરી છે. જ્યારે વિશ્વાસનું આધારબિન્દુ એ સૌહાર્દ છે. માટે સાંસ્કૃતિક સૌહાર્દને મજબૂત બનાવવા શિક્ષણ, ન્યાય, સંવાદ અને અખબારી સેવાઓએ સામુહિક રીતે રચનાત્મક ભૂમિકા અદા કરવી પડશે.

સૌહાર્દ એ વિવાદનું હનન નથી; વિવાદ એ તો સમાજનું જીવંત હોવાપણું છે. માટે વિવાદને હિંસા, બહિષ્કાર કે દ્વેષમાં તબદીલ કરવાને બદલે સામાજિક ન્યાય અને સંવાદથી ઉકેલ લાવવાની સંસ્કૃતિ (પ્રણાલી)નું સ્થાપન એ રાષ્ટ્ર ભાગ્ય ઘડતરની નિર્ણાયક બાબત – ભૂમિકા છે.

❖ **નિષ્કર્ષ :**

અંતમાં, સાંસ્કૃતિક સૌહાર્દ એ રાષ્ટ્ર ભાગ્ય ઘડતરનું પાયાનું પરિબળ છે. તે રાષ્ટ્રીય એકતા, લોકશાહી સ્થિરતા, આંતરિક સુરક્ષા, આર્થિક વિકાસ, અને વૈશ્વિક પ્રતિષ્ઠા માટે જરૂરી શરત છે. જ્યાં સૌહાર્દ નબળું

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

પડે છે ત્યાં તણાવ વધે છે, વિકાસ અટકે છે, અને સામાજિક ન્યાય અને નીતિ ઘડતરની સંસ્થાઓ પરનો વિશ્વાસ ઘટે છે. અને જ્યાં સૌહાર્દ મજબૂત છે ત્યાં વિવિધતા એ શક્તિ બને છે, સમુદાયો સાથે મળીને રાષ્ટ્રના લક્ષ્યો માટે કામ કરે છે, અને દેશ લાંબા ગાળે સ્થિર તથા સમૃદ્ધ બને છે.

માટે, સાંસ્કૃતિક સૌહાર્દને રાષ્ટ્ર નિર્માણનું મૂળભૂત સાધન માની; શિક્ષણ, ન્યાય, સમાવેશી નીતિઓ, સંવાદ, અને જવાબદાર અખબારી સંસ્થાઓ દ્વારા આ સૌહાર્દને સતત પોષવું પડશે. કારણ કે રાષ્ટ્રનું "ડેસ્ટિની" કોઈ એક વ્યક્તિ કે એક સરકાર નક્કી કરતી નથી; તે કરોડો નાગરિકોના પરસ્પર સંબંધો અને વલણોથી ઘડાય છે

❖ **References / Bibliography (સંદર્ભ સૂચિ)**

1. Government of India. *The Constitution of India* (Preamble, Fundamental Rights, Directive Principles).
2. UNESCO. *Intercultural Dialogue and Cultural Diversity* (Concept notes and policy documents).
3. Amartya Sen. *Identity and Violence: The Illusion of Destiny.*
4. M. K. Gandhi. *Selected Writings on Communal Harmony and Non-violence.*
5. John Rawls. *A Theory of Justice* (Justice, fairness, and social cooperation).